## ચેક રિટર્ન કેસમાં ચેકની બમણી રકમ ચૂકવવા કોર્ટનો હુકમ

સુરતઃ ફરિયાદીના નામે ટ્રકોની ખરીદીની લોન ભરવામાં નિષ્ફળ જતાં ફરિયાદીએ લેણી રકમની માંગણી કરતાં આરોપીએ આપેલા ચેક રિટર્ન કેસમાં કોર્ટે ચેકની બમણી રકમ બાવન લાખ ચૂકવવા આરોપીને હુકમ કર્યો હતો. ફરિયાદી શંકરલાલ એમ.શર્મા અને આરોપી લક્ષ્મણસિંહ ભેરુસિંહ વચ્ચે વ્યવસાયિક સંબંધો હતા. ત્રણ ટ્રક ખરીદવા આરોપીએ ફરિયાદી મારફતે લોન લીધી હતી, જેમાં લોન પૂર્ણ થયા બાદ આરોપીના નામે ટ્રકો ટ્રાન્સફર કરવા અંગેના વ્યવહારો થયા હતા. આરોપી દ્વારા લોનની ચૂકવણી કરવામાં નિષ્ફળતા દર્શાવતા ફરિયાદીએ આરોપી પાસેથી કાયદેસરની લેણી રકમની માંગણી કરી હતી. જેથી આરોપીએ ૨૬ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થતાં ફરિયાદીએ વકીલ મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી પૂર્ણ થયા બાદ કોર્ટે આરોપીને ચેકની બમણી રકમ રૂપિયા બાવન લાખ બે મહિનાની અંદર ફરિયાદીને ચૂકવી આપવા હુકમ કર્યો હતો અને જો તે ચૂકવણી કરવામાં નિષ્ફળ જશે તો આરોપી ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કર્યો હતો. ફરિયાદ પક્ષ તરફથી સિનિયર વકીલ કલ્પેશ દેસાઈ અને નિસર્ગ દેસાઈએ અસરકારક રજૂઆત કરી હતી.

## ચેક રિટર્ન કેસમાં આરોપીની સજા સામેની અપીલ ફગાવતી સેશન્સ કોર્ટ

સુરતઃ રૂા.૧૯.૫૦ લાખનાં ચેક રિટર્ન કેસમાં ટ્રાયલ કોર્ટે ફટકારેલી સજાની સામે આરોપીએ સેશન્સ કોર્ટમાં કરેલી અપીલ કોર્ટે ફગાવી દઈ ટ્રાયલ કોર્ટનો હુકમ માન્ય રાખ્યો હતો. પીપલોદના કમલેશ ગોધાણીએ મિત્ર પ્રતિકને રૂા.૧૨.૫૦ લાખ હાથ ઉછીના આપ્યાં હતાં. ત્યારબાદ સાત લાખનું સોનું સારા ભાવે વેચી આપવાનું કહી હડપ કરી ગયાં હતાં. બાદમાં પિતા-પુત્રએ ફરિયાદીને કરાર લખી આપી રૂા.૧૯,૫૦,૦૦૦ની ચૂકવણી પેટે પિતા ગીરીશ સુખાભાઈ મહેતાએ ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થતાં ફરિયાદી કમલેશે કોર્ટમાં ફરિયાદ કરી હતી. જેની સુનાવણી બાદ ટ્રાયલ કોર્ટે આરોપી ગીરીશ મહેતાને ૧૮ મહિનાની સજા અને ચેકની રકમની બમણી રકમ રૂા.૩૯ લાખનો દંડ ફટકાર્યો હતો. જેની સામે આરોપીએ સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી. આ અપીલની સામે મુળ ફરિયાદ પક્ષે વકીલ નરેશ ગોહિલએ દલીલો કરી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીની અપીલ ફગાવી દઈ ટ્રાયલ કોર્ટનો હુકમ કાયમ રાખ્યો હતો.

## મોબાઈલ ફોનની ચીલઝડપ કરનાર બે આરોપીને સાત વર્ષની સજા

સુરતઃ અડાજણ-હજીરા રોડ પર મોબાઈલ ફોનની ચીલઝડપ કરનાર બે આરોપીને સેશન્સ કોર્ટે સાત વર્ષની સજા ફટકારી હતી. આ કેસની હકીકત મુજબ ફરીયાદી ભુપેન્દ્ર બાંગાવાલા તા.૦૮.૧૦.૨૦૨૩ના રોજ સાંજે અડાજણ રાજહંસ સિનેમાની સામે રોડ પરથી પસાર થતા હતા ત્યારે બાઈક સવાર બે આરોપી ફરિયાદીનાં ખિસ્સામાંથી મોબાઈલ ફોન ઝુંટવીને નાસી ગયા હતા. આ બનાવ અંગે અડાજણ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાતાં પોલીસે આ ગુનો આચરનાર આરોપી સઇદ હારૂનભાઇ શેખ, રીઝવાનખાન કરીમખાન પઠાણની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની સુનાવણી સેશન્સ કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ સંતોષ ગોહિલે દલીલો કરી હતી. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ સેશન્સ કોર્ટે બંને આરોપીને સાત વર્ષની સજા અને રૂપિયા એક હજારનો દંડ ફટકાર્યો હતો. દંડની રકમ ન ભરે તો એક વર્ષની વધુ સખત કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

## ગરમીથી બચવા માટે વૃક્ષ કેટલું ઉપયોગી તે આ તસવીર કહે છે



આડેધડ થઇ રહેલા બાંધકામોને કારણે વૃક્ષો કાપવામાં આવી રહ્યાં છે. જેના કારણે ગરમીમાં છાંયા શોધવાની મુશ્કેલી પડી રહી છે. એવી જ રીતે એક વૃક્ષના આછાપાતળા છાંયામાં ઊભી રહીને ગાય તડકાથી બચવાનો પ્રયત્ન કરી રહી છે. (તસવીર : હેમંત ડેરે)

## નાના વરાછામાં મિત્રો સાથે ન્હાવા ગયેલા યુવકનું તાપીમાં ડૂબી જતા મોત

સુરતઃ નાના વરાછામાં મિત્રો સાથે ન્હાવા ગયેલા યુવકનું તાપી નદીમાં ડૂબી જતા મોત નિપજ્યું હતું.

મળેલી માહિતી મુજબ, મૂળ ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના ગુંદાળા ગામના વતની અનિલ અશોકભાઈ સોલંકી (33 વર્ષ) હાલમાં નાના વરાછા વિસ્તારમાં આવેલા શક્તિ વિજય સોસાયટીમાં ત્રણ સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. તે છૂટક મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો.

ગુરુવારે સવારે અને તેના બે મિત્રો સાથે નાના વરાછા રામજી મંદિરની પાછળ તાપી નદીમાં ન્હાવા માટે ગયો હતો. જ્યાં તે પાણીમાં ડૂબી ગયો હતો. સાંજના સમયે તેમનો નદીના પાણીમાંથી મૃતદેહ મળી આવ્યો હતો.

# ઝારખંડના મર્ડર કેસનો માસ્ટર માઈન્ડ સુરતથી ઝબ્બે

**મિત્રની** હત્યા કરી લાશ કબ્રસ્તાનમાં દાટી દીધી હતી

**૨૫ હજારની** ઉઘરાણીમાં મિત્રનો કાંટો કાઢ્યા બાદ આરોપી સુરતમાં આશરો લઈ રહ્યો હતો

સુરતઃ ઝારખંડના ચીરાચાસ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બે વર્ષ પૂર્વે બનેલી હત્યાની એક રૂંવાડા ઉભા કરી દે તેવી ઘટનાનો ભેદ સુરત પોલીસની સતર્કતાથી ઉકેલાયો છે. ૨૫ હજાર રૂપિયા જેવી નજીવી રકમની ઉઘરાણી કરતા મિત્રની લોખંડના સળિયા મારી હત્યા કરી તેની લાશને કબ્રસ્તાનમાં દફનાવી દેનાર રીઢા ગુનેગારને ચોકબજાર પોલીસે વેડરોડ વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે. ઝારખંડ હાઈકોર્ટમાં પિટિશન દાખલ થયા બાદ SIT દ્વારા જે કંકાલ મળી આવ્યું હતું, તે કેસમાં આ આરોપી છેલ્લા લાંબા સમયથી વોન્ટેડ હતો.

ચોકબજાર પોલીસને બાતમી મળી હતી કે, ચીરાચાસ મર્ડર કેસનો મુખ્ય આરોપી રાજન ઉર્ફે રંજનકુમાર રાજેન્દ્ર રામ (ઉ.વ. ૨૩) વેડરોડની ત્રિલોક સોસાયટીમાં છુપાયો છે જેના આધારે તેને ઝડપી લેવાયો હતો. પકડાયેલા આરોપી રાજન રામની સઘન પૂછપરછમાં ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. વર્ષ ૨૦૨૨માં આરોપીએ તેના મિત્ર ખાલિક અંસારી પાસેથી ૨૫,૦૦૦ રૂપિયા હાથઉછીના લીધા હતા. ખાલિક અવારનવાર આ નાણાંની ઉઘરાણી કરતો હોવાથી રાજને તેને રસ્તામાંથી હટાવવાનો પ્લાન બનાવ્યો હતો. રાજને તેના અન્ય બે મિત્રો અરબાજ અને સલાઉદ્દીન સાથે મળીને ખાલિકને ભૂરાબસ્તી પાસેના કબ્રસ્તાન નજીક બોલાવ્યો હતો.ત્યાં લોખંડના સળિયાથી માથામાં ઘા ઝીંકી તેની ક્રૂર હત્યા કરી નાખી હતી. પાપ છુપાવવા માટે ત્રણેય આરોપીઓએ ખાલિકની લાશને કબ્રસ્તાનમાં જ દાટી દીધી હતી.ઘટનાની વિગત મુજબ, ૧૪ જૂન ૨૦૨૨ના રોજ ખાલિક ગુમ થયો હતો. લાંબા સમય સુધી પત્તો ન લાગતા તેના પિતાએ ઝારખંડ હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા. હાઈકોર્ટે સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT) ની રચના કરી હતી. SITએ શંકાના આધારે કબ્રસ્તાનમાં ખોદકામ કરાવતા ત્યાંથી માનવ કંકાલ મળી આવ્યું હતું. DNA ટેસ્ટમાં આ કંકાલ ખાલિકનું હોવાનું સાબિત થયુ હતુ.

## 'તેરે પતિ કો તો મેં કૂત્તે કી મોત મારુંગા'

**મિલકતના** વિવાદમાં નાનપુરાની પરિણીતાને ધમકાવતા વરિયાળી બજારના યુવાન સામે ગુનો

સુરતઃ પારિવારિક મિલકત મુદ્દે ચાલી રહેલા ઝઘડામાં એક શખ્સે પરિણીતાનો પીછો કરી તેની છેડતી કરવાની સાથે તેના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આરોપીએ પરિણીતાને મોકલેલા ધમકીભર્યા મેસેજમાં 'તારા પતિને મારતા મને વાર નહીં લાગે' જેવી ઉશ્કેરણીજનક ભાષાનો પ્રયોગ કરતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

નાનપુરામાં રહેતી પરિણીતા અને વરિયાળી બજાર ખાતે રહેતા હિતેશ ગણપતભાઈ કહાર વચ્ચે લાંબા સમયથી પારિવારિક મિલકતની વહેંચણી બાબતે વિવાદ ચાલી રહ્યો હતો. આ વિવાદમાં સમાધાન કરવાને બદલે આરોપી હિતેશ કહારે પરિણીતાને માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. તે અવારનવાર પરિણીતાનો પીછો કરતો અને જાહેરમાં અભદ્ર વર્તન કરી પરેશાન કરતો હતો.માત્ર છેડતી જ નહીં, પરંતુ આરોપીએ પરિણીતાના પતિને પણ નિશાન બનાવ્યો હતો. આરોપી હિતેશ પરિણીતાને ધમકીભર્યા મેસેજ મોકલતો હતો કે, 'તેરે પતિ કી જાન લેને મેં ભી મેં દેરી નહીં કરૂંગા.. ઉસકો લગતા હૈ કી વો બચ જાયેગા પર મેં ઉસે કુત્તે કી મોત મારૂંગા.' આરોપી અવારનવાર રસ્તામાં ઉભા રહી ગાળો આપી ઝઘડો પણ કરતો હતો.આખરે આરોપીનો ત્રાસ સહન ન થતા પીડિત પરિણીતાએ હિંમત કરી અઠવાલાઈન્સ પોલીસ મથકમાં હિતેશ કહાર વિરૂદ્ધ લેખિત ફરિયાદ નોંધાવી છે.

# લારીધારકો ગ્રાહક તૂટવાના ડરે નફો જતો કરવાં મજબૂર થયા

**ગેસના** ભાવ વધારાને કારણે સુરતી સ્વાદ પર સંકટ

સુરતઃ કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં સતત થઈ રહેલા વધારાને કારણે સુરતના જાણીતા ચટપટા સ્વાદ પર મોંઘવારીનું ગ્રહણ લાગ્યું હોય તેવું જણાઈ રહ્યું છે. શહેરમાં એક તરફ મોટી હોટેલોએ ખર્ચને પહોંચી વળવા ૨૦ ટકા જેટલો ભાવ વધારો ઝીંકી દીધો છે, તો બીજી તરફ ગલીએ-ગલીએ ઊભા રહેતા લારી-ગલ્લા ધારકો અને નાના દુકાનદારો માટે હવે અસ્તિત્વ ટકાવી રાખવાનો જંગ શરૂ થયો છે.

શહેરની પ્રતિષ્ઠિત હોટેલો અને રેસ્ટોરન્ટ્સે વધતા જતા ખર્ચને સંતુલિત કરવા માટે મેનૂ કાર્ડમાં તોતિંગ ભાવ વધારો કર્યો છે. આ સંસ્થાઓ મોંઘવારીનો સીધો બોજ ગ્રાહકો પર નાખી રહી છે. જે થાળી પહેલાં ૧૦૦ રૂપિયામાં મળતી હતી, તેનો ભાવ હવે ૧૨૦ રૂપિયા કે તેથી વધુ થઈ ગયો છે. એસી (AC), સ્ટાફનો પગાર અને મેન્ટેનન્સના નામે મોટી હોટેલોએ પોતાનો નફો જાળવી રાખ્યો છે. પરંતુ, વાસ્તવિક મુશ્કેલી નાના વેપારીઓ માટે ઊભી થઈ છે, જેમને ભાવ વધારો કરવો જરાય પરવડે તેમ નથી.

નાની લારીઓ અને દુકાનો ચલાવતા વેપારીઓ આર્થિક ભીંસ વેઠીને પણ સુરતીઓના સ્વાદના ચટકાને જીવંત રાખી રહ્યા છે. ભાવ વધારવાના દબાણ હેઠળ અનેક વેપારીઓએ હવે પીરસવાની માત્રામાં ઘટાડો કરવો પડી રહ્યો છે અથવા અત્યંત ઓછી આવકમાં ગુજરાન ચલાવવું પડે છે. લારી-ગલ્લાવાળાઓ માટે માત્ર ૫ રૂપિયાનો વધારો પણ ગ્રાહક ગુમાવવાનું જોખમ પેદા કરે છે.

### નુકસાન વેઠીને પણ જૂના ભાવે જ સેવા આપવી પડે છે

ચાની લારી ચલાવતા લલનભાઈએ પોતાની વ્યથા ઠાલવતા કહ્યું કે, મોંઘવારી તો વધી છે, પરંતુ ૫ કે ૧૦ રૂપિયાની ચામાં હું કઈ રીતે ભાવ વધારી શકું? મારે ત્યાં આવતા ગ્રાહકો રોજિંદા શ્રમિકો હોય છે. જો હું ભાવ વધારું તો મારો રોજગાર ઠપ્પ થઈ જાય, એટલે નુકસાન વેઠીને પણ જૂના ભાવે જ સેવા આપવી પડે છે." આમ, કોમર્શિયલ ગેસના ભાવ વધારાએ નાના વેપારીઓના બજેટને વેરવિખેર કરી નાખ્યું છે.

## સુરતના પૂર્વ મેયર અને ધારાસભ્ય ડૉ. કનુભાઈ માવાણીનું અવસાન

**81 વર્ષની** વયે ડાયમંડ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા

**શનિવારે** સવારે નિવાસસ્થાને અંતિમ દર્શન માટે પાર્થિવ દેહ લવાશે



સુરતઃ સુરત શહેરના જાણીતા તબીબ, સામાજિક આગેવાન અને માજી મેયર ડૉ. કનુભાઈ માવાણીનું શુક્રવારે રાત્રે 9:30 વાગ્યે અવસાન થયું હતું. તેઓ 81 વર્ષના હતા અને છેલ્લા કેટલાક સમયથી બીમારીથી પીડાઈ રહ્યા હતા. સારવાર દરમિયાન સુરતની ડાયમંડ હોસ્પિટલમાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

ડૉ. કનુભાઈ માવાણી સુરતના પૂર્વ મેયર તરીકે સેવાઓ આપી ચૂક્યા હતા. ઉપરાંત તેઓ ઉત્તર વિધાનસભા વિસ્તારના માજી ધારાસભ્ય તરીકે પણ 1990માં ચૂંટાયા હતા. શિક્ષણક્ષેત્રમાં પણ તેમનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું. તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના માજી કુલપતિ તરીકે ફરજ બજાવી ચૂક્યા હતા તેમજ આયુર્વેદિક કોલેજમાં પ્રિન્સિપલ તરીકે પણ કામગીરી સંભાળી હતી. તેમના અવસાનના સમાચારથી રાજકીય, શૈક્ષણિક તેમજ તબીબી વર્તુળોમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. ડૉ. કનુભાઈ માવાણીના પાર્થિવ દેહને શનિવારે સવારે 8:00 વાગ્યે વરાછા ગુરુનગર સ્થિત તેમના નિવાસસ્થાને અંતિમ દર્શન માટે રખાશે.

# એપોઈન્ટમેન્ટ છતાં આધાર કેન્દ્ર પર ઈન્કાર કરી દીધા બાદ સમાધાન

રહીશને તેની પુત્રીના બાયોમેટ્રિક અપડેટ માટે ના પાડી દેવાઈ હતી

સુરતઃ શહેરના કતારગામ વિસ્તારમાં આવેલા મનપાના કતારગામ ઝોનના આધાર અપડેટ કેન્દ્રની મનસ્વી કામગીરી સામે એક જાગૃત નાગરિકની સત્તાવાર ફરિયાદ બાદ તંત્રએ નમવું પડ્યું છે.

સુરતના રહેવાસી મુકુંદભાઈ વરિયાએ પોતાની પુત્રીના 'મેન્ડેટરી બાયોમેટ્રિક અપડેટ' માટે UIDAIની વેબસાઈટ પરથી 18 એપ્રિલ-2026ના રોજ સવારે 9:30 વાગ્યાની ઓનલાઈન એપોઈન્ટમેન્ટ લીધી હતી. જો કે, નિર્ધારિત સમયે કેન્દ્ર પર પહોંચ્યા બાદ ઓપરેટરે "અહીં ઓનલાઈન એપોઈન્ટમેન્ટ સ્વીકારવામાં આવતી નથી" તેમ કહી સેવા આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. અરજદારે આ બાબતે વિરોધ કર્યો હોવા છતાં ઓપરેટરે તેની રજૂઆત ગ્રાહ્ય રાખી ન હતી. આ મડાગાંઠ બાદ અરજદારે હાર માનવાને બદલે સ્થાનિક જનપ્રતિનિધિઓ અને UIDAI હેલ્પલાઈન 1947 નો સંપર્ક કર્યો હતો. જો કે, હેલ્પલાઈન દ્વારા સૂચવ્યા મુજબ મોકલેલા ઈ-મેઈલ પણ ટેકનિકલ કારણોસર ડિલિવરી ફેઈલ થયા હતા, જેનો રિપોર્ટ પણ અરજદારે પુરાવા તરીકે જાળવી રાખ્યો હતો.

આ મામલે અરજદારે તમામ દસ્તાવેજી પુરાવાઓ સાથે અમદાવાદ સ્થિત UIDAI સ્ટેટ ઓફિસ અને કલેક્ટર કચેરીમાં લેખિતમાં સત્તાવાર રજૂઆત કરી હતી. ઉચ્ચ સ્તરે થયેલી આ ફરિયાદના પગલે તંત્ર હરકતમાં આવ્યું હતું અને અમદાવાદ સ્ટેટ ઓફિસ દ્વારા આ ફરિયાદ રજિસ્ટ્રાર કચેરીને મોકલવામાં આવી હતી. કલેક્ટર કચેરીની કડક સૂચના બાદ તે જ આધાર કેન્દ્ર તરફથી અરજદારનો સામેથી સંપર્ક કરવામાં આવ્યો હતો અને તેમને સેવા આપવા માટેની તૈયારી દર્શાવવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર આ એક કિસ્સાના કારણે હવે તે કેન્દ્ર પર ઓનલાઈન એપોઈન્ટમેન્ટ સ્વીકારવાની પ્રક્રિયા વિધિવત રીતે અમલમાં મૂકવામાં આવી છે, જેનો સીધો લાભ શહેરના અન્ય સેંકડો નાગરિકોને પણ મળશે.

## ખોટી બાંધકામની અરજીના બહાને બિલ્ડરને ખંડણીની ધમકી

સુરતઃ ઉધના હરિનગર વિસ્તારમાં આવેલ ઉમર મેન્શનમાં રહેતા બિલ્ડરે કરેલી ફરિયાદ અનુસાર ઉન વિસ્તારમાં આવેલી મુરાદ કોમ્પ્લેક્ષ સોસાયટીના પ્લોટ નંબર બી-૨૨ અને બી-૨૩ ખાતે બાંધકામની કામગીરી ચાલી રહી હતી. આ દરમિયાન જાવીદ હારૂન તૈલી અને અતીશ હારૂન તૈલી નામના બે શખ્સોએ બાંધકામને લઈ વિવિધ સરકારી વિભાગોમાં ખોટી રજૂઆતો સાથે અરજીઓ કરવાનું શરૂ કર્યું હતું. તેમણે મામલો પતાવવા રૂા.૩ લાખ આપવાની માંગણી કરી હતી. જે આપવાનો ઈનકાર કરતાં તેમણે ધમકી આપીને તેમના પાસે રૂપિયા 10 હજાર પડાવી લીધા હતાં. તેમની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ શરુ કરી છે.

# ઓસ્ટ્રેલિયાની વર્ક પરમિટના નામે યુવક સાથે ૮ લાખની ઠગાઈ

**'નકલી** ઇ-વિઝા' પધરાવી યુવકને ઓસ્ટ્રેલિયા રવાના કરી દીધો

સુરતઃરિંગરોડ સ્થિત જે.કે. ટાવરમાં 'પદ્માવતી ઈન્ટરનેશનલ'ના નામે ઓફિસ ચલાવતી મહિલા એજન્ટે વરાછાના એક યુવકને ઓસ્ટ્રેલિયાની વર્ક પરમિટ અને પીઆર અપાવવાની લાલચ આપી રૂ. ૮ લાખની છેતરપિંડી આચરી છે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે, ઠગ એજન્ટે યુવકને નકલી ઈ-વિઝા આપી ઓસ્ટ્રેલિયા મોકલી પણ દીધો હતો, જ્યાં પહોંચ્યા બાદ યુવકને પોતાની સાથે થયેલા વિશ્વાસઘાતની જાણ થઈ હતી.

વરાછા અશ્વિનીકુમાર રોડ પર સમર્થ કોમ્પ્લેક્સમાં રહેતા અંકુર દીપકભાઈ પટેલને વિદેશ જવાની ઈચ્છા હોવાથી ચાર વર્ષ પૂર્વે મિત્ર ફરાઝ મારફતે રિંગરોડ જે.કે. ટાવર ખાતેની પદ્માવતી ઈન્ટરનેશનલની સંચાલિકા ભૂમિ ભાવિક પરમાર સાથે સંપર્ક થયો હતો. ભૂમિએ અંકુરને વિશ્વાસમાં લેતા જણાવ્યું હતું કે, "હાલ હું તમને વિઝિટર વિઝા અપાવીશ, જે ત્યાં ગયાના એક મહિના બાદ કાયમી (PR) માં તબ્દિલ કરી આપીશ. ત્યાં મારો માણસ છે જે તમને સારી નોકરી પણ અપાવી દેશે." આ પેકેજ પેટે રૂ. ૮ લાખનો ખર્ચ નક્કી થયો હતો.ભૂમિ પરમારની લલચામણી વાતોમાં આવીને અંકુરે ટુકડે-ટુકડે રૂ. ૮ લાખ ચૂકવી દીધા હતા. બદલામાં ભૂમિએ અંકુરને ઓસ્ટ્રેલિયાના ઈ-વિઝા આપ્યા હતા. આ વિઝા લઈને અંકુર ઓસ્ટ્રેલિયા પહોંચી તો ગયો, પણ ત્યાં ગયા પછી ખબર પડી કે તેને અપાયેલા વિઝા નકલી હતા અને તેની સાથે મોટો ખેલ ખેલાઈ ગયો છે.

અંકુરે તુરંત સુરત ફોન કરતા ઠગ ભૂમિએ પોતાની ભૂલ સ્વીકારવાને બદલે 'ટેકનિકલ ભૂલ' હોવાનું બહાનું કાઢી તેને પરત સુરત બોલાવી લીધો હતો.સુરત પરત આવ્યા બાદ અંકુરે પોતાના નાણાં પરત માંગતા એક વર્ષ સુધી ધક્કા ખવડાવ્યા હતા. લાંબી રકઝક બાદ ભૂમિએ માત્ર રૂ. ૪.૬૦ લાખ પરત કર્યા હતા, પરંતુ બાકીના રૂ. ૩.૪૦ લાખ આપવા બાબતે હાથ ઊંચા કરી દેતા મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો હતો,

### ડુસમનો દરિયો સૂકાઇ ગયો સુનામી આવશે તેવા વીડિયોએ શહેરમાં ચકચાર જગાવી

# સ્થિતિ તાપીના મૃત્યુ બરાબર : ડો.પંકજ ગાંધી

**ડુમસ સી-ફેસ** ડેવલપમેન્ટ' પ્રોજેક્ટના ફેઝ-2 નું કામ શરૂ કરતા પેહલા ડુમસના દરિયાની અને તાપી નદીના સંકોચનનો અભ્યાસ થવો જોઈએ

સુરતઃ ડુમસ અને હજીરાના દરિયાકાંઠે પાણી કિનારાથી દૂર જવાની ઘટના એ કોઈ આકસ્મિક ચમત્કાર નથી,એ ત્વરિત બનેલી ઘટના નથી.પણ સમયાંતરે ઊભી થયેલી સ્થિતિ છે.સોશિયલ મીડિયામાં ડુમસના દરિયા કિનારાનું પાણી દોઢથી બે કિમી. દૂર જવાની અફવા અંગે સુરત શહેર સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધ્યો છે.

એને લઈ હવે ચર્ચા એ જોર પકડ્યું છે.સુરત મહાનગરપાલિકાના ડ્રીમ પ્રોજેક્ટ 'ડુમસ સી-ફેસ ડેવલપમેન્ટ' પ્રોજેક્ટના ફેઝ-1 (Phase-01) નું લોકાર્પણ માર્ચ 2026 માં કરવામાં આવ્યું છે, જે અંદાજિત રૂ. 166 કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે.પ્રોજેક્ટના ફેઝ-1નો ખર્ચ 166 કરોડ રૂપિયા થયો છે.ત્યારે ફેઝ2 નું કામ શરૂ કરતા પેહલા

ડુમસ બીચને વાસ્તવમાં ઈકો ટુરિઝમ પાર્ક તરીકે વિકસાવવામાં માંગ ઉઠી છે.

ડુમસના દરિયા કિનારાનો કાપ દૂર કરવા ડી સિલ્ટિંગ માટે ટેન્ડર ઈશ્યૂ કરવું જોઈએ.JCB થી કાપ દૂર કરો

બાંધકામ ઉધોગ માટે અથવા સુરત મહાનગરપાલિકાના રસ્તાઓ બનાવવા માટેનું બેસ્ટ મટીરિયલ છે.ડુમસ સી ફેસ પ્રોજેક્ટ સુધી દરિયો ભરતી ઓટ માં પરત લાવવા આ કાર્ય થવું જોઈએ.

### દરિયાને ફરી પાણીદાર બનાવવા ડો. પંકજ ગાંધીના સૂચનો

**૧. સાયન્ટિફિક ડ્રેજિંગ (Scientific Dredging & Desilting): સૌથી પ્રાથમિક પગલું નદીના મુખ અને ડુમસના છીછરા ભાગોમાં જમા થયેલા કાંપને યાંત્રિક રીતે દૂર કરવાનું છે.**

- કેપિટલ ડ્રેજિંગ (Capital Dredging): નદીના કુદરતી માર્ગને ઊંડો કરવા માટે મોટા પાયે ડ્રેજિંગ કરવું જરૂરી છે જેથી પાણીનો પ્રવાહ તેજ બને.
- સેન્ડ બાય પાસ સિસ્ટમ(Sand Bypass System): હજીરા પોર્ટ અને અન્ય બાંધકામોને કારણે અટકેલા રેતીના કુદરતી પ્રવાહને ડ્રેજિંગ દ્વારા ફરીથી ડુમસ તરફ વાળવો જોઈએ.

**૨. તાપી નદીના પ્રવાહનું વ્યવસ્થાપન (Environmental Flow Management)**

- માત્ર કાંપ કાઢવાથી ઉકેલ નહીં આવે, તેને ફરી જમા થતો અટકાવવો પડશે.
- E-Flow (Environmental Flow): ઉકાઈ ડેમ અને વિયર-કમ-કોઝવેમાંથી વર્ષ દરમિયાન ચોક્કસ માત્રામાં પાણીનો પ્રવાહ સતત છોડવો જોઈએ. જો પ્રવાહનો વેગ જળવાઈ રહેશે, તો કાંપ કિનારા પર જમા થવાને બદલે ઊંડા દરિયામાં ખેંચાઈ જશે.
- Flushing Operations: ચોમાસા દરમિયાન હાઈ-ટાઈડ વખતે ડેમમાંથી પૂરતું પાણી છોડીને નદીના મુખને 'ફ્લશ' (સાફ) કરવાની પદ્ધતિ અપનાવવી જોઈએ.

**3. ઇકોલોજીકલ રિસ્ટોરેશન (Ecological Restoration)**

- અમારા સંશોધન મુજબ જ્યાં ગાંડા બાવળ ઉગી નીકળ્યા છે, ત્યાં કુદરતી સંતુલન પાછું લાવવું જરૂરી છે.
- બાવળ દૂર કરવા: આક્રમક ગાંડા બાવળને દૂર કરીને ત્યાં ફરીથી સ્થાનિક મેન્ગ્રોવ્સ (Cher) નું વાવેતર કરવું જોઈએ. મેન્ગ્રોવ્સના મૂળ કાંપને સ્થિર રાખે છે અને કિનારાનું ધોવાણ અટકાવે છે.

# ડુમસના દરિયા વિશે ગેરસમજ ફેલાવનારા સામે ગુનો દાખલ

**દરિયાનું** પાણી ઓછું થઈ ગયું હોવાથી ત્સૂનામી આવશે તેવો વીડિયો ફરતો કર્યો હતો



સુરત : ડુમસના દરિયામાં પાણી એકથી બે હજાર મીટર જેટલું ઓછું થઈ ગયું હોવાથી ત્સૂનામી આવશે તેવો ખોટો મેસેજ વાયરલ કરી લોકોમાં ભય ફેલાવવાનું કામ કરનારા રાજસ્થાની યુવાન સામે ડુમસ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

ડુમસ પોલીસ મથકમાં ફરજ બજાવતા પોસઈ જયંતી સોમાભાઈ ઝાપડિયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ તે આજે શુક્રવારે સવારે 9 વાગ્યે સોશિયલ મીડિયા જોઇ રહ્યા હતા તે વખતે યુ ટ્યૂબમાં @theshubhubhai ચેનલ ઉપર એક વિડીયોમાં યુવાન હિન્દી ભાષામાં હાલ મે ગુજરાત કે સુરત ડુમસ બિચ પર અજીબ સી ઘટના દેખી ગઈ હૈ જીસમે જીસ પ્રકાર સે પહેલે ત્સૂનામી સે પહેલે સમુદ્ર બહોત પીછે ચલા જાતા હૈ ઈસી પ્રકાર સુરતમે ભી એક સે દો હજાર ફીટ પાની બીચ સે પીછે કી ઓર ચલા ગયા હૌ ઔર મે સમજતા હું કી ત્સૂનામી આને સે પહેલે ઐસા હી હોતા હૈ ઔર મેરા સભી કો એલર્ટ હૈ કી જો ભી સુરત ઔર બીચ પે મૌજુદ હે ઔર જો ભી યે વિડીયો દેખ રહે હૈ ઔર જો ભી આપ કે રિલેશનમે હૈ ઔ આપ કે ફ્રેન્ડ સર્કલ સુરત મેં ઘુમને કે લિયે ગયે હૈ ઉનકો યે વિડીયો શેર કર દીજિયે ઔર ઉનસે યહ કહ દીજિયે કી લગભગ સુરત સે ઉસ બીચ સે દો સે તીન કિલોમીટર કી દૂરી બના લે ક્યુંકી યે ત્સૂનામી કે લક્ષણ હો શકતે હૈ જો બહોત બાર દેખે જા ચૂકે હૈ. જાપાન મેં મધ્ય એશિયામેં હર જગહ યે ત્સૂનામી કે લક્ષણ દેખે જા ચૂકે હૈ તો કૃપયા કર કે બહોત બડા એલર્ટ હો શકતા હૈ. આ રાતે લાંબો લચક વિડીયો જારી કરી ખોટો ભય ફેલાવવાનું કૃત્ય કર્યું છે.